● **ધિરાણની મુખ્ય યોજનાઓની ટૂંકી માહિતી**

**(૧) મુદતી ટર્મ લોન**

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૧.૦૦ લાખ સુધી.

(૨) વાર્ષિક વ્યાજદર ૬% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૮૫% રાષ્ટ્રીય નિગમ, ૧૦% રાજ્ય સરકારનો ફાળો અને ૫% લાભાર્થી ફાળો.

**(૨) લઘુ ધિરાણ યોજના (માઈક્રો ફાઈનાન્સ)**

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૫૦ હજાર.

(૨) વાર્ષિક વ્યાજદર ૫% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૯૦% રાષ્ટ્રીય નિગમ, ૫% રાજ્ય સરકારનો ફાળો અને ૫% લાભાર્થી ફાળો.

**(3) મહિલા સમૃધ્ધિ યોજના (લઘુ ધિરાણ યોજના)**

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૫૦ હજાર.

(૨) વાર્ષિક વ્યાજદર ૪% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૯૫% રાષ્ટ્રીય નિગમ, ૫% રાજ્ય સરકારનો ફાળો અને લાભાર્થી ફાળો શૂન્ય.

**(૪) નવી સ્વર્ણિમ યોજના (ફક્ત મહિલાઓ માટે)**

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૫૦ હજાર.

(૨) વાર્ષિક વ્યાજદર ૫% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૯૫% રાષ્ટ્રીય નિગમ, ૫% રાજ્ય સરકારનો ફાળો અને લાભાર્થી ફાળો શૂન્ય.

**(૧) મુદતી ટર્મ લોન**

ઉચ્ચ વ્યવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય અને તેમને પોતાની પ્રેક્ટીસ શરૂ કરવા માંગતા હોય તેઓને લોન ધિરાણ.

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૫.૦૦ લાખ.

(૨) વાર્ષિક વ્યાજદર ૬% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૮૫% રાષ્ટ્રીય નિગમ, ૧૦% રાજ્ય સરકારનો ફાળો અને ૫% લાભાર્થી ફાળો.

**(૬) મુદતી ટર્મ લોન (પરિવહન સેવા માટે)**

(૧) લોનની મંજૂર કરવાપાત્ર મહત્તમ મર્યાદા રૂા. ૨.૦૦ લાખ સુધી.

(૨) વાર્ષિક વ્યાજદર ૬% વાર્ષિક.

(૩) લોનની રકમમાં ૮૫% રાષ્ટ્રીય નિગમ, ૧૦% રાજ્ય સરકારનો ફાળો અને ૫% લાભાર્થી ફાળો.

(૪) ડ્રાઈવિંગ લાયસન્સ અને ડ્રાઈવિંગનો અનુભવ જરૂરી.

(૫) વાહનની ઉપયોગિતા અને જરૂરિયાતનાં કારણોની વિગતો.

**૧૧,૧૩૮** જેટલા લાભાર્થીઓને
આશરે **રૂા.૫૪.૦૦** કરોડની લોન

**ઉચ્ચ શિક્ષણ માટે રૂા.૧૦ લાખ સુધીની લોન**
**ન્યૂ આકાંક્ષા યોજના**
**નો લાભ લેવા નિગમનો સંપર્ક કરવો**

**૫૧૦** વિદ્યાર્થીઓને
આશરે **રૂા.૮.૦૦** કરોડની લોન


**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,**
બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન,
સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૬૪૮૬, ૨૩૨૫૬૪૮૫
ફેક્સ નં.(૦૭૯) ૨૩૨૪૧૪૭૮
CIN : U 91990 GJ 2003 SGC 042945
વેબ સાઈટ: www.sje.gujarat.gov.in/gtkvn
ઈ-મેઈલ: md-gtkvn@gujarat.gov.in


# ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

(ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળનું જાહેર સાહસ)

## સીધા ધિરાણની વિવિધ યોજનાઓની માહિતી પત્રિકા

ભાઈઓ અને બહેનો,

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઠાકોર અને કોળી જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આ નિગમની રચના કરવામાં આવી છે.

● રાજ્ય સરકાર અને ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે આ નિગમ કામ કરે છે. રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજૂર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઈને સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

● ઠાકોર અને કોળી સમાજના નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા જરૂરિયાતમંદ લોકો સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરે શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગ, કારીગરી અને પરંપરાગત ધંધા-વ્યવસાય, સેવાકીય ધંધા અને પરિવહન સેકટર અને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવામાં આવે છે. જે સંદર્ભમાં અરજી પત્રક ભરતાં પહેલા આ માહિતી પત્રિકાનો અભ્યાસ કરવા વિનંતી છે.

| | |
|---|---|
| **જશવંત ગાંધી** | **ભૂપતભાઈ એમ. ડાભી** |
| **મેનેજીંગ ડીરેકટર** | **અધ્યક્ષ** |

**આપણું આંગણું, શેરી, ગામ-શહેરને સ્વચ્છ રાખીએ.** **દારૂ, ગુટખા તથા તમાકુવાળા પાન-મસાલા બંધ કરો.** **સૌનો સાથ ..... સૌનો વિકાસ .....**

### લોન માટે પાત્ર ધંધા / વ્યવસાય / યોજનાનું નામ

| | | |
|---|---|---|
| દુધાળા ઢોર (પશુપાલન) | કોમ્પ્યુટર જોબવર્ક | ઈલેક્ટ્રોનિક્સ આઈટમોનું રીપેરીંગ |
| કરીયાણાની દુકાન પ્રોવિઝન સ્ટોર્સ | પશુ આહારનું વેચાણ | ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી |
| રેડીમેડ કપડા / ગારમેન્ટ સ્ટોર્સ | હીરા ઉદ્યોગ (ડાયમંડ કટીંગ એન્ડ પોલીસીંગ | મીઠાઈ ફરસાણની દુકાન |
| મંડપ ડેકોરેશન | દરજી કામ | બ્યુટી પાર્લર |
| ઓટો રીપેરીંગ | મોબાઈલ રીપેરીંગ | ફળ-ફળાદી અને શાકભાજીની દુકાન |
| સેન્ટરીંગ કામ | આઈસ્ક્રીમ પાર્લર અને ઠંડા પીણા | અન્ય નાના ગૃહઉદ્યોગ |
| ટાઈલ્સ પોલીસીંગ | કટલરી સ્ટોર્સ | |

- **લોન મેળવવાની પાત્રતાના મુખ્ય ધોરણો :**

(૧) અરજદાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર અથવા કોળી જાતિના હોવા જોઈએ.

(૨) અરજદારના કુટુંબની ગત વર્ષની કુલ વાર્ષિક આવક - રૂા. ત્રણ લાખથી વધુ ન હોવી જોઈએ. જેમાં ૧.૫૦ લાખ સુધીની આવક ધરાવતા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

(૩) અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ થી ૫૦ વર્ષ સુધી હોવી જોઈએ.

**આ માહિતી પત્રિકા અરજદારની જાણકારી અને ઉપયોગ માટે છે.**

- **મહત્ત્વની બાબતો :**
- લોનની જરૂરિયાત હોય તો જ ફોર્મ ભરવું. પોતાના નામે અન્ય કોઈ લોનનો ઉપયોગ કરવાના હોય તો લોન ન લેવી.
- લોન જે ધંધા / વ્યવસાય માટે લીધી હોય તેના માટે જ ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈ હેતુ માટે આ રકમ વાપરી શકાશે નહિ.
- મહિલાઓ, વિધવા, વિકલાંક વ્યક્તિઓ અને સરકારી તાલીમ સંસ્થા / કે સરકાર માન્ય સંસ્થામાંથી મેળવેલ તાંત્રિક તાલીમવાળા બેરોજગાર વ્યક્તિઓને લોન મંજૂર કરવામાં અગ્રતા આપવામાં આવશે.
- નિગમમાંથી અગાઉ લોન લેનાર અને બાકીદાર / ડીફોલ્ટર થયેલ લાભાર્થીને કે તેના પતિ / પત્ની / પુત્રને લોન મંજૂર કરવામાં આવશે નહિ.
- નિગમમાંથી લીધેલ લોનના હપ્તા ચાલુ હોય તેવા લાભાર્થીના કુટુંબના અન્ય સભ્યને લોન મંજૂરીમાં અગ્રતા આપવામાં આવશે નહિ.
- મંજૂર કરવામાં આવનારી રકમ લોન છે તેમાં કોઈ પણ પ્રકારની સબસીડીનો સમાવેશ થતો નથી. તેમજ ભવિષ્યમાં લોન માંડવાળ કરવામાં આવશે નહિ. લોનની પુરેપૂરી રકમ નિયત માસિક હપ્તામાં ભરવાની રહે છે. તે સમજીને / ધ્યાનમાં રાખીને જ અરજી કરવી.
- લોન નિયત માસિક ૬૦/૪૮ હપ્તામાં સ્થાનિક બેન્કમાં અથવા એચ.ડી.એફ.સી. બેન્કના ખાતામાં અથવા નિગમના નામના ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.
- અત્રે એ ઉલ્લેખનીય છે કે આ નિગમમાંથી અગાઉ લોન લેનાર ૧૮૦૦ જેટલા લાભાર્થીઓ સામે નિયમિત હપ્તા નક્કી ભરવાના કારણે નામદાર ગાંધીનગર ડીસ્ટ્રીક કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. અને લાભાર્થીઓએ ગાંધીનગર કોર્ટમાં સમન્સ મળતાં મુદતે હાજર રહેવું પડે છે.
- નિગમમાં લોન અરજીની કાર્યવાહી માટે તેમજ લોનની મંજૂરી માટે કોઈ એજન્ટ / વ્યક્તિ / કર્મચારીને નાણાં આપવા નહી. આ પ્રકારની કોઈ માંગણી કરે તો તે બાબત નિગમના અધ્યક્ષશ્રી / મેનેજીંગ ડીરેકટરશ્રીના ધ્યાને લાવવી.

- **જાતિ અને આવકનાં પ્રમાણપત્રો નીચે દર્શાવેલ સક્ષમ અધિકારીઓ પાસેથી મેળવી રજૂ કરવાનાં રહેશે**

(૧) કલેકટર (૨) જીલ્લા વિકાસ અધિકારી (૩) મદદનીશ કલેકટર, નાયબ કલેકટર (૪) નાયબ જીલ્લા વિકાસ અધિકારી (૫) મામલતદાર (૬) તાલુકા વિકાસ અધિકારી (૭) જીલ્લા નાયબ નિયામક (વિ.જા.) (૮) જીલ્લા સમાજ કલ્યાણ અધિકરી (વિ.જા.)

- **ઉપર દર્શાવેલ અધિકારીઓ ઉપરાંત નીચેના અધિકારીઓ ફક્ત આવકનો દાખલો આપી શકશે.**

(૧) નગરપાલિકા ચીફ ઓફીસર (૨) સર્વ રાજ્યપત્રિત અધિકારી (૩) નાયબ તાલુકા વિકાસ અધિકારી (૪) વિસ્તરણ અધિકારી (પંચાયત) (૫) નાયબ મામલતદાર

- **જ્યાં જાતિ અને આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી અલગ-અલગ હોય ત્યાં આવાં પ્રમાણપત્રો અલગ-અલગ મેળવીને રજૂ કરવાનાં રહેશે**

- **લોન મંજૂર થાય તે પહેલાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જેથી જરૂરી દસ્તાવેજો પુરા કરી શકાય**

(૧) અરજદારે પોતાનું ખાતું રાષ્ટ્રીય કૃત બેન્કમાં ખોલાવવું. સી.ટી.એસ. કોડવાળી માઈકર ચેકબુક મેળવવી.

(૨) અરજદારે સ્થાવર મિલ્કત ઉપર બોજો કરાવવાનો રહેશે. એક જામીનદાર નકકી કરવા તેમજ જામીનદારનું આધારકાર્ડ / બારકોડેડ રેશન કાર્ડ / ચૂંટણી કાર્ડ અને તેમની સ્થાવર મિલ્કતના પુરાવા તૈયાર રાખવાં.

**લોન માટેનું અરજીપત્રક વિના મૂલ્યે મળશે.**

**અરજીપત્રકમાંની વિગતો પૂરેપૂરી ભરવી.**

**લોન મંજૂર થયા બાદ હપ્તા નિયમિત ભરવા.**